પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨૭ | ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦, રવિવાર; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દિલ્હીમાં ૬૪ ટકા મતદાન

## રાષ્ટ્રપતિ સહિત દિગ્ગજ રાજકીય નેતાઓએ મતદાન કર્યું : શરૂઆતમાં મતદાનમાં નિરાશા, બપોર બાદ વધારો નોંધાતા રાજકીય પક્ષમાં હાશકારો : મંગળવારે પરિણામ



ન્યુ દિલ્હી,તા.૮

ભાજપ અને "આપ" પાર્ટી માટે પ્રતિષ્ઠાના જંગ સમાન દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે એક જ તબક્કાની સામાન્ય ચૂંટણી-૨૦૨૦ માટે આજે સવારના ૮ વાગ્યાથી શાંતપૂર્ણ વાતાવરણમાં ભારે પોલીસ સુરક્ષા વચ્ચે મતદાનની પ્રક્રિયા આરંભાઈ હતી. સાંજે ૬ વાગે મતદાન પુરૂ થયું ત્યાં સુધીમાં ૬૪ મતદાન નોંધાયું હતું. જો કો લાંબી લાઈનો હોવાથી મતદાન મથકની અંદર જેઓ લાઈનમાં ઉભા છે તેમને ૬ વાગ્યા પછી પણ મતદાન કરવા દેવાને કારણે મતદાનની ટકાવારી ૬૦ ટકાથી ઉપર જઈ શકે છે. ગઈ વખતે ૬૭.૪૭ ટકા મતદાન નોંધાયું હતું. કુલ ૭૦ બેઠક માટે ૬૭૨ ઉમેદવાર મેદાનમાં છે. દિલ્હીમાં અંદાજે ૧.૪૭ કરોડ મતદારો નોંધાયા છે, જે પૈકી ૮૧ લાખથી વધુ પુરુષ અને અંદાજે ૬૬ લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ભાજપના સિનિયર નેતા એલકે અડવાણી, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી-રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત સંખ્યાબંધ નેતાઓએ જે તે મતદાન મથકે જઈને મતદાન કર્યું હતું. દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે પરિવાર સાથે જઈને મતદાન કર્યું હતું. ૧૧મીએ મતગણતરી હાથ ધરાશે.

આજે મતદાન શરૂ થાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને લોકશાહીને મજબૂત બનાવવા વધુ મતદાનની અપીલ કરી હતી. આપ સરકારના સીએમ અરવિંદ કેજરીવાલે મતદાન પહેલા મહિલાઓને મતદાન માટે કરેલી ટ્વીટને લઈને ભાજપે તેનો વિરોધ કર્યો હતો તો ભાજપના નેતા મનોજ તિવારીએ કેજરીવાલ દ્વારા હનુમાન મંદિરની મુલાકાતને લઈને કરેલી ટીપ્પણીને લઈને પણ વિવાદ સર્જાયો હતો. દિલ્હીમાં ઝછછ વિરોધ પ્રદર્શનનું કેન્દ્ર બનેલું શાહીન બાગ કે જે ઓખલા વિધાનસભા ક્ષેત્રમાં આવે છે ત્યાં પાંચ પોલિંગ બૂથ છે. અહીં સુરક્ષા વ્યવસ્થાની વિશેષ તૈયારી કરવામાં આવી છે. ત્યાં પણ મતદાન થઈ રહ્યું હતું.

લોકસભાની સરખામણીએ ઓછું મતદાન શરૂઆતમાં નોંધાયું હતું. દિલ્હીમાં છેલ્લા ત્રણ-ચાર કલાકનો વોટિંગ ટ્રેન્ડ જોઈએ તો લોકસભાની સરખામણીએ ઓછું મતદાન થઈ રહ્યું છે. સવારે ૯ વાગ્યા સુધીમાં ૦.૭૪% મતદાન થયું તો ૧૧ વાગ્યા સુધીમાં ૧૭.૦૩ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે લોકસભા ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

PERSONAL TUITIONS
by Cultivator :
Std.10 (All Sub.) * 11th-12th Sci - Phys, Chem, Bio, Maths, JEE & NEET. Eng. Guj. Medium. GSEB, BCSE, ICSE All Boards
Call for Demo Lecture
Mo. 96018 07081
Mo. 87349 18894
- Email -
cultivatorho@gmail.com

## વસંતોત્સવ (લોકમેળો) સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૨૦

વસંતોત્સવ (લોક મેળો) સાંસ્કૃતિક કાર્યક્રમ-૨૦૨૦નું આયોજન સાંસ્કૃતિકુંજ તેમજ સરિતા ઉદ્યાન, ગાંધીનગર ખાતે તા. ૨૫/૨/૨૦૨૦થી તા. ૫/૩/૨૦૨૦ દરમિયાન થનાર છે. જેમાં સરિતા ઉદ્યાન, ગાંધીનગર ખાતે ઉભા કરવામાં આવનાર ખાણી-પીણીના સ્ટોલ (ફુડ કોર્ટ) મેળવવા ઈચ્છુક લોકો માટે તા. ૧૫/૨/૨૦૨૦ સુધીમાં (રજાના દિવસો સિવાય) કચેરી સમય દરમિયાન જરૂરી આધાર પુરાવા સાથેની અરજી કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, બ્લોક નંબર-૧૧ / ૩જો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ને મોકલી આપવા જણાવવામાં આવે છે.

GUJARAT'S BIGGEST HERITAGE CAR SHOW
5th GVCCC
AMAN AAKASH HERITAGE CAR SHOW 2020
8th 9th FEBRUARY | 10 AM - 7 PM
Entry : Rs. 50/-
children below 10 years free
AT AMAN AAKASH PARTY PLOT
Beside Trustnagar Society, Shreyas Crossing Road, Vasna, Ahmedabad.



facebook.com/gvccc
gvccc_ahmedabad
Cargo Ford | Mahindra | CARTEC HONDA | CONCEPT HYUNDAI | CONCEPT Jeep | RUTUL'S PHOTOGRAPHY | SKC | SEARCH PUBLICITY

ચાર ધામ યાત્રા
12 દિવસ / 11 રાત્રી
રેલ્વે ટીકિટ ફ્રી
₹19999 5% GST એક્સ્ટ્રા
યમુનોત્રી, ગંગોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
સ્વાદિષ્ટ ગુજરાતી, પંજાબી ભોજન • રહેવાની ઉત્તમ સુવિધા
R K VACATIONS PVT. LTD.
079- 40 40 35 35 | 61 61 35 35

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

Couples Candle Light Dinner



RAJVEE FOOD CORNER
A Night To Remember
Candle Light Dinner
On Valentine Day
Booking on 089801 08444



Our Knowledgeable staff & personalized catering will add a touch of class to your occasion...
Shop No.1, Ground Floor, Pratik Mall, Near City Pulse, Kudasan, Gandhinagar.
Mobile : +91 90998 84444, 95370 19001
Email : rfc@rajvee.in | www.rajvee.in
For Banquet Inquiry : 89801 08444

Shri Shankersinh Vaghela Bapu Foundation
SAMARPAN PUBLIC SCHOOL
Congratulations !!!
Accolades for our student
Ms. Girva Rathod



Won 3rd Prize (Bronze Medal)
in 65th National School Games.
Event - Sqay Marshal Art
Held at Jammu - Kashmir



Admissions Open
Pre-Primary Onwards
Office Hours
9.00 am to 4.00 pm
KH-7 Samarpan Circle, Sector-28, Gandhinagar - 382028
Phone : +91 90812 62233, 90812 72233 www.samarpanpublicschool.org